# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-12-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1) આગામી બે વર્ષમાં નગરપાલિકાઓમાં ક્લસ્ટર અભિગમથી વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ બનાવવાની રાજ્ય સરકારની યોજના.
2) સુરત રેલ્વે સ્ટેશને એક હજાર 446 કરોડ રૂપિયાના ખર્ચે અદ્યતન મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ બનશે.
3) રાજ્યની તમામ આશ્રમ શાળાઓ શિક્ષણ વિભાગની સીધી દેખરેખ હેઠળ રહેશે.
4) ગાંધીનગર સાયબર ક્રાઇમે લોકોને કોલ કરીને ડિજિટલ એરેસ્ટનાં નામે નાણાં પડાવનાર આરોપીની ધરપકડ કરી
5) રાજ્યમાં ઠંડા પવનોનું મોજું ફરી વળતા ઠંડીનો પારો ગગડ્યો. - નલિયામાં 7.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન.

---

## CM TWO YEARS

આગામી બે વર્ષમાં રપાલિકાઓમાં ક્લસ્ટર અભિગમથી વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ બનાવવાની સરકારની યોજના છે એમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે.

ગઈ કાલે વર્તમાન સરકારના બે વર્ષની સમાપ્તિ પ્રસંગે ગાંધીનગરમાં આયોજિત એક કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકારે યુવાશક્તિ કૌશલ્યને જનતાની સેવામાં જોડવા સરકારી વિભાગોમાં ભરતી કેલેન્ડર અનુસાર સ્પર્ધાત્મક પરિક્ષાઓથી ભરતી પ્રક્રિયાને પ્રાથમિકતા આપી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં નિમણુંક પામેલા 580 યુવાનોને નિમણુકપત્રો એનાયત કર્યા હતા.

-----------------------------------------------------------------------

## CM FPO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈકાલે ગાંધીનગરમાં પ્રાકૃતિક કૃષિ પોર્ટલ લોન્ચ કર્યું હતું. રાજયભરમાંથી આવેલા FPOને વિવિધ સહાયના ચેક અર્પણ કર્યા હતા. રાજય સરકારના બે વર્ષની સમાપ્તિ પ્રસંગે ફાર્મસ પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન FPOના પ્રતિનિધિઓ સાથેના સંવાદમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ખેડૂતોને સામૂહિક ખેતી કરવાનો ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકાર ખેતીમાં નવીનીકરણ અને સુધારા માટે સતત પ્રયાસો કરી રહી છે.

-----------------------------------------------------------------------

## SURAT RAILWAY PROJECT

સુરત રેલ્વે સ્ટેશને અંદાજે 1,446 કરોડ રૂપિયાના ખર્ચે અદ્યતન મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ બનશે.

જેમાં રેલવે સ્ટેશનની સાથે  બસ સ્ટેશન અને મેટ્રો સ્ટેશનને પણ જોડવામાં આવશે જેથી લોકો માટે મુસાફરી સરળ બનશે. વર્ષ 2026ના ડિસેમ્બરના અંત સુધીમાં આ પ્રોજેક્ટ પૂરો થઈ જશે.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક એ આ પ્રોજેક્ટ વિશે વધુ માહિતી આપી હતી.

(ઓડિયો -  વિનીત અભિષેક , પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી)

---------------------------------------------------------------------

## Western railway committee meeting

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનમાં નવી રચાયેલી ડિવિઝનલ રેલવે કન્ઝ્યુમર કન્સલ્ટેટિવ કમિટી-DRUCCની પ્રથમ બેઠક ડિવિઝનલ રેલવે મેનેજર ઑફિસ, અમદાવાદ ખાતે યોજાઈ હતી.

કમિટીમાં મુસાફરોની સુવિધાઓ વિક્સાવવાને પ્રાથમિકતા આપવાની ખાતરી આપી હતી. કમિટીના સેક્રેટરી અને સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર અનુ ત્યાગીએ જણાવ્યું હતું કે, અમદાવાદ ડિવિઝનના અમદાવાદ, સાબરમતી, ગાંધીધામ અને ભુજ સ્ટેશનનો પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે અને અમૃત સ્ટેશન યોજના હેઠળ 16 રેલવે સ્ટેશનોના પુનઃવિકાસની કામગીરી પણ ચાલી રહી છે.

---------------------------------------------------------------------

## Education Department - Visit to Ashram Schools

રાજ્યમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા આદિજાતિ વિભાગની હસ્તકની અનુદાનિત આશ્રમ શાળા પર હવે શિક્ષણ વિભાગની સીધી નગર રહેશે.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આ અંગે સત્તાવાર ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે. જે મુજબ હવે શિક્ષણ વિભાગના અધિકારીઓ આશ્રમ શાળાઓની મુલાકાત લઈ શકશે.

આ ઉપરાંત ત્યાં ભણતાં બાળકોની સત્રાંત અને મૂલ્યાંકન કસોટી લેવાશે. હવે આશ્રમ શાળાઓને પણ ગુણોત્સવ હેઠળ આવરી લેવામાં આવશે.

------------------------------------------------------------------

## E KYC Village

ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોને પોતાના આધાર કાર્ડ અપડેટ કરાવવા માટે શહેર સુધી ના જવું પડે તે માટે ટપાલ વિભાગે એક મોટું પગલું ભર્યું છે.

હવેથી દુર્ગમ ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો ટપાલ વિભાગની મદદથી ઈ-KYC કરાવીને પોતાના આધાર કાર્ડમાં જરૂરી ફેરફાર કરાવી શકશે. આ વિશે વધુ માહિતી આપે છે ઉત્તર ગુજરાત ક્ષેત્રના પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ...

(ઓડિયો - કૃષ્ણકુમાર યાદવ, ઉ.ગુજરાત ક્ષેત્રના પોસ્ટ માસ્ટર જનરલ)

------------------------------------------------------------------

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---------------------------------------------------------------------

## Morbi vikas karyo

મોરબી જિલ્લાના વિકાસ કાર્યોની ગુણવત્તા જાળવવા માટે જરૂર પડે તો એજન્સીને બ્લેકલિસ્ટ કરવા જિલ્લાના પ્રભારી મંત્રી અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું છે. ગઈ કાલે જિલ્લાના વિકાસ કાર્યોની સમીક્ષા કરવા સંકલન સમિતિની બેઠકમાં તેમણે શહેરથી લઈ ગ્રામ્ય કક્ષા સુધી લોકોના વિવિધ પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ આવે તેવી વ્યવસ્થા ગોઠવવા જણાવ્યું હતું.

---------------------------------------------------------------------

## Review Meeting Mahisagar

રાજ્યકક્ષાના પંચાયત અને કૃષિ અને જિલ્લા પ્રભારી મંત્રી બચુભાઈ ખાબડના અધ્યક્ષસ્થાને મહીસાગરના બાલાસિનોર ખાતે નગરપાલિકા કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ.

આ બેઠકમાં પાણી, રોડ- રસ્તા, ગટર અને આવાસ યોજના જેવા વિવિધ પ્રશ્નો રજૂ કરાયા હતા, આ પ્રશ્નોનું સમયમર્યાદામાં નિકાલ કરવા પ્રભારી મંત્રીએ સૂચનો કર્યા હતા.

---------------------------------------------------------------------

## Dang Yog Board camp

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા 15 અને 16 ડિસેમ્બરના રોજ યોગસેવક શીશપાલજીના અધ્યક્ષ સ્થાને આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે 'શીતકાલીન યોગ શિબિર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

15 ડિસેમ્બરે સાંજે પથી 7 અને 16 ડિસેમ્બરે સવારે 6.15થી 8.15 કલાક દરમિયાન યોગ શિબિર યોજાશે. આ શિબિરનો મુખ્ય હેતુ લોકોને માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે આવનારી પેઢીમાં યોગ અંગે જાગૃતિ લાવવાનો તેમજ લોકોને યોગ તરફ પ્રેરવાનો છે.

ઉલ્લેખનીય છે કે, યોગને પ્રોત્સાહન આપવા માટે રાજ્યનાં રમતગમત વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવી છે.

---------------------------------------------------------------------

## Sports competition- Dang

ડાંગ જિલ્લા નહેરુ યુવા કેન્દ્ર દ્વારા આગામી 16થી 19મી ડિસેમ્બર દરમિયાન તાલુકા કક્ષાની વિવિધ રમત ગમત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

આહવા, વઘઇ અને સુબીર તાલુકાઓમાં કબડ્ડી, ખો-ખો, 100, 400 મીટર દોડ, લાંબી કૂદ જેવી વિવિધ રમત ગમત સ્પર્ધાઓ યોજાશે. આ સ્પર્ધામાં 15થી 29 વર્ષની વયના યુવક-યુવતીઓ ભાગ લઇ શકશે, ઇચ્છુક ખેલાડીઓએ નહેરુ યુવા કેન્દ્ર આહવાનો સંપર્ક કરવો.

---

## Cyber crime Gandhinagar arrest

ગાંધીનગર સાયબર ક્રાઇમે લોકોને કોલ કરીને ડિજિટલ એરેસ્ટ દ્વારા નાણાં પડાવનાર આરોપીની ધરપકડ કરી છે. ચેતન કોકરે નામનો શખ્સ ટેલિગ્રામ અને સ્કાઇપ એપ્લિકેશન મારફતે કોલ કરીને પાર્સલ આવ્યું હોવાનું કહીને અંદર માદક પદાર્થો હોવાનં જણાવીને ખંડણી માંગતો હતો. તેણે ફરિયાદી પાસેથી 3 કરોડ 99 લાખ રૂપિયા પડાવ્યા હતા.

એક દિવસમાં 100 જેટલા કોલ કરીને છેતરપીંડી કરતી ચાઈનીઝ કંબોડીયન ગેગના આ ભારતીય સભ્યનાં મોબાઈલમાંથી વિડિયો મળી આવ્યા છે, જેમાં એક બિલ્ડીંગમાં 50 જેટલા લોકો કામ કરતા હોવાનું દેખાય છે.

---

## Weather Update

રાજ્યમાં ઠંડા પવનોનું મોજું ફરી વળતા આઠ શહેરોમાં ઠંડીનો પારો 13 ડિગ્રીથી નીચે નોંધાયો હતો.

નલિયા 7.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે સૌથી ઠુંડુ શહેર રહ્યું હતું. જમ્મુ કાશ્મીર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં સૂકાં ઠંડા પવનની અસરને પગલે છેલ્લાં ચાર દિવસથી રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. ગુરૂવારે રાજકોટમાં 9.1 ડિગ્રી, ડીસામાં 10.5 ડિગ્રી, પોરંદરમાં 11.5 ડિગ્રી, કંડલામાં 11 ડિગ્રી, અમરેલીમાં 12.4 ડિગ્રી, ગાંધીનગરમાં 13.2 ડિગ્રી અને અમદાવાદમાં 13 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે આજે લઘુતમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર નહીં થાય. આગામી પાંચ દિવસે તાપમાન 13થી 15 ડિગ્રી વચ્ચે રહેશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી બે દિવસ સૌરાષ્ટ્ર – કચ્છમાં ઠંડા પવનો ફૂંકાશે.

---------------------------------------------------------------------